ફોજદારી કેસ નંબર : 18650-2021

આંક–૧ લગત હુકમ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

નામદાર ગુજરાત હાઈકોર્ટ ની ગુજરાત લીગલ સર્વીસીસ ઓથોરીટી અમદાવાદના પત્ર ક્રમાંક જી.એસ.એલ.એસ.એ.–૧૫૩૯/૨૦૨૪ તા. ૨૩/૦૯/૨૪ થી આજરોજ તા. ૨૬.૧૦.૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ લોકઅદાલત રાખેલ હોય જેથી લોક અદાલતમાં આ કામ હાથ પર લીધુ. આ કામે ફરીયાદપક્ષને કેસમાં હાજર રહેવા માટે જરૂરી નોટીસ ઈમેલ ધ્વારા પણ કરવામાં આવેલ છે અને ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી કેસમાં હાજર થયેલ છે અને આ કામે ફરીયાદીએ તેમનો પોર્ટફોલીયો અન્ય સંસ્થાને ટ્રાન્સફર કરેલ હોય અને તેઓ હાલનુ કામ આગળ ચલાવવા માંગતા નથી તેવુ પુરસીસથી જાહેર કરેલ છે. વધુમાં, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ સમાધાનને પાત્ર ગુનો હોય, તે મુજબ સી. આર.પી.સી.ની કલમ–૨૫૭ તળે આ ફરીયાદ ફરીયાદીની રજુ પુરસીસને આધારે ટાર્ગેટેડ કેસ તરીકે હાલનો કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે આરોપી/આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ–૨૫૭ અને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૭ સાથે વાંચતા એન.આઈ. એકટની કલમ ૧૩૮ મુજબના ગુનામાથી નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–26 માહે– ઓકટોમ્બર સને ૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુકામ.: અમદાવાદ
તારીખ. ૨૬/ ૧૦/૨૦૨૪

(જી.પી.ભોઈ)
૩૮માં એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
એન.આઈ. કોર્ટ નંબર ૩૫,
અમદાવાદ સીટી. GJ-00987